# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૨ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૯૬ | ૧૬ જૂન, ૨૦૧૬, ગુરૂવાર ; જેઠ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# વિમાની યાત્રીઓ માટે અચ્છે દિન

## યાત્રીઓને એક કલાકની યાત્રા માટે ૨૫૦૦ જ ચુકવવા પડશે : નવી ઉડ્ડયન પોલિસીને મંજુરી : મોદીના નેતૃત્વમાં કેબિનેટની બેઠક : વધુ શહેરોને વિમાની સેવા સાથે જોડી દેવાશે : સ્થાનિક ટિકિટ કેન્સલ કરાશે તો ૧૫ દિવસમાં યાત્રીઓને રિફંડ

નવી દિલ્હી,તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની અતિ મહત્વપૂર્ણ બેઠક આજે યોજાઈ હતી જેમાં નવી નાગરિક ઉડ્ડયન પોલિસીને લીલીઝંડી આપી દેવામાં આવી હતી.



આ નવી પોલિસી હેઠળ યાત્રીઓને એક કલાકની યાત્રા માટે માત્ર ૨૫૦૦ રૂપિયાની ચુકવણી કરવી પડશે. જો અડધા કલાકની મુસાફરી કરવામાં આવે છે તો ૧૨૦૦ રૂપિયા ભાડુ લાગશે. વડાપ્રધાન મોદીએ ટ્વિટર ઉપર રહ્યું હતું કે, એનડીએ સરકારે પ્રથમ રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નીતિને લીલીઝંડી આપી દીધી છે. આનાથી આ ક્ષેત્રમાં ક્રાંતિકારી ફેરફાર થશે. ભારત વર્ષ ૨૦૨૨ સુધી દુનિયાના ત્રીજા સૌથી મોટા નાગરિક ઉડ્ડયન બજાર તરીકે ઉભરી આવશે. આ ટાર્ગેટને હાસલ કરવા માટે યોગ્ય, દૂરદર્શી યોજનાને અમલી બનાવવી પડશે. નાગરિક ઉડ્ડયન પ્રધાન અશોક ગજપતિ રાજુએ કહ્યું હતું કે, આ નીતિ ટ્રેન્ડ સેટર તરીકે રહેશે. ઉડ્ડયન ક્ષેત્ર ૨૦૨૨ સુધી દુનિયાના ત્રીજા સૌથી મોટા ક્ષેત્ર તરીકે ઉભરી આવશે. નવી પોલિસી ઉપર કેટલાક મોટા નિર્ણયોને અમલી બનાવવામાં આવ્યા છે. નાના શહેરોની દુરીને ઓછા સમયમાં કાપી લેવાશે. આનો ઉદ્દેશ્ય વિમાની યાત્રાને પ્રોત્સાહન આપવાનો છે અને વાજબી કિંમત ઉપર સેવા આપવામાં આવશે. નાના શહેરોના એરલાઈન્સ કનેક્ટીવીટીને પ્રોત્સાહન આપવામાં

● અનુસંધાન પાન-૭ પર

## નવી ઉડ્ડયન પોલિસી ગેમ ચેંજર તરીકે હશે

નવી દિલ્હી,તા. ૧૫

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી અશોક ગજપતિ રાજુએ કહ્યું છે કે, નવી નાગરિક ઉડ્ડયન નીતિ અથવા તો સિવિલ એવિએશન પોલિસી ગેમ ચેંજર તરીકે સાબિત થશે. ક્ષેત્રીય કનેક્ટીવીટીને પ્રોત્સાહન આપવા માટે આપવામાં આવેલા વચનને પાળીને આ નીતિ લાવવામાં આવી છે. આમા કેટલીક મહત્વપૂર્ણ જોગવાઈઓ રહેલી છે જેમાં કોઈપણ સંજોગો હેઠળ ટિકિટ કેન્સલેશન ચાર્જ મૂળભૂત ભાડાથી વધારે રહેશે નહીં.

વિમાની યાત્રી માટે કોઈપણ વધારાના ચાર્જ રિફંડ વેળા લાગૂ કરી શકાશે નહીં. ફલાઈટ કેન્સલ થવાની સ્થિતિમાં તમામ કરવેરા સાથે રિફંડની ચુકવણી કરવી પડશે. જો કે, ફલાઈટની નિર્ધારિત રવાનગી પહેલા ઓછામાં ઓછા બે સપ્તાહમાં યાત્રી ફલાઈટ કેન્સલેશન અંગે માહિતી આપે છે તો કોઈ વળતર ચુકવવામાં આવશે નહીં.

## પેટ્રોલમાં પાંચ અને ડિઝલમાં ૧.૨૬ પૈસાનો વધારો

અમદાવાદ, તા. ૧૫

કેન્દ્ર સરકાર દ્વારા આજે મધરાતથી પેટ્રોલ અને ડિઝલના ભાવમાં ફરી એકવખત વધારો ઝીંકવામાં આવ્યો છે. મધરાતથી અમલમાં આવનારા નવા ભાવ વધારામાં પેટ્રોલમાં પ્રતિલીટર પાંચ પૈસા અને ડિઝલમાં પ્રતિલીટર ૧.૨૬ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. જો કે, આજે મધરાતથી ગુજરાતમાં ચાર મુખ્ય શહેરોમાં જે નવો ભાવ વધારાનો દર લાગૂ પડશે તેમાં ગુજરાતના વેટના દરોને ધ્યાનમાં રાખવામાં આવે તો પેટ્રોલમાં પ્રતિલીટર આઠ પૈસા અને ડિઝલમાં પ્રતિલીટર ૧.૩૨ ગ્રાહકોને વધારે ચુકવવા પડશે.

## ભારતે ઝિમ્બાબ્વેને હરાવીને વ્હાઈટવોશ કરી શ્રેણી જીતી

હરારે, તા.૧૫

ભારતીય ટીમે ઝિમ્બાબ્વે સામેની ત્રણ વન ડે મેચની શ્રેણીમાં ત્રણે મેચ જીતીને શ્રેણી પોતાના નામે કરી દીધી છે. ભારતે શ્રેણીની ત્રીજી મેચમાં ઝિમ્બાબ્વે એ આપેલા ૧૨૪ રનના ટાર્ગેટને આપ્યો હતો જે ૨૧.૫ ઓવરમાં સર કરી દીધા છે. ભારેત એકપણ વિકેટ ગુમાવ્યા વગર ૧૨૬ રન ફટકારીને મેચ પર વિજય મેળ્યો હતો. ભારતીય ટીમ તરફથી બેટિંગ કરવા મેદાનમાં ઉતરેલા લોકેશ રાહુલ અને ફેઝ ફઝલને અનુક્રમે ૬૩ રન અને ૫૫ રન ફટકારીને અમનમ રહ્યા હતા. બંને ખેલાડીઓએ જ ટીમને જીત અપાવી હતી.

# SBI સાથે પાંચ એસોસિએટ બેંકોને મર્જ કરાશે

## જાહેર ક્ષેત્રની બેંકોની સ્થિતિને મજબૂત કરવાની દિશામાં પહેલ : એસબીઆઈનું નેટવર્ક અનેકગણું વધી જશે

નવીદિલ્હી, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં એસબીઆઈ સાથે પાંચ એસોસિએટ બેંકોના મર્જરને આજે લીલીઝંડી આપી દેવામાં આવી હતી. દેશની જાહેર ક્ષેત્રની બેંકોની સ્થિતિને સુધારવાના હેતુસર આ પહેલને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. દેશની જાહેર ક્ષેત્રની બેંકો હાલમાં ખુબ જ કટોકટીમાં છે અને સંઘર્ષ કરી રહી છે. આવી સ્થિતિમાં કેબિનેટના આ નિર્ણયને સાહસી તરીકે ગણવામાં આવે છે. અગાઉની દરખાસ્ત ઉપર એસબીઆઈ પાંચ યુનિટોને પોતાના હસ્તક લઈ લેશે અને પોતાની રીતે આને આગળ વધારશે. આ ઉપરાંત ૨૦૧૩માં સ્થાપિત કરવામાં આવેલી મહિલાઓ માટેની બેંક ભારતીય મહિલા બેંકને પણ પોતાની રીતે ચલાવશે. એસબીઆઈ પાંચ એસોસિએટ બેંક ધરાવે છે જેમાં સ્ટેટ બેંક ઓફ બીકાનેર એન્ડ જયપુર, સ્ટેટ બેંક ઓફ ત્રેવેનકોર, સ્ટેટ બેંક ઓફ પટિયાલા, સ્ટેટ બેંક ઓફ મૈસુર અને સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદનો સમાવેશ થાય છે. મર્જરને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર



## કઈ પાંચ બેંકોના મર્જર

નવી દિલ્હી,તા. ૧૫

એસબીઆઈ સાથે પાંચ એસોસિએટ બેંકોના મર્જરને લીલીઝંડી આપી દેવામાં આવી છે. એસબીઆઈ અને તેની એસોસિએટ બેંકોના મર્જરની બાબતને બંને માટે યોગ્ય ગણવામાં આવે છે. એસબીઆઈનું નેટવર્ક આના કારણે વધી જશે. તેનું નેટવર્ક અન્યો કરતા આગળ થઈ જશે. હાલમાં કોઈપણ ભારતીય બેંક વિશ્વની ટોપ ૫૦ બેંકોમાં સ્થાન ધરાવતી નથી. એસબીઆઈ સાથે કઈ પાંચ બેકો મર્જ થશે તે નીચે મુજબ છે.

- સ્ટેટ બેંક ઓફ બીકાનેર એન્ડ જયપુર
- સ્ટેટ બેંક ઓફ ત્રેવેનકોર
- સ્ટેટ બેંક ઓફ પટિયાલા
- સ્ટેટ બેંક ઓફ મૈસુર
- સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ


**જોઈએ છે**

ગાંધીનગરમાં પ્રતિષ્ઠિત હોસ્પિટલ માટે

GNM / ANM નર્સ-૧

ડો. રાજેશ પટેલ
મો. - ૯૬૮૭૬ ૩૨૧૬૦


# મોંઘવારી નાથવાના મુદ્દાઓ પર ઘનિષ્ઠ ચર્ચા

## ટામેટા, કઠોળ, ખાંડ સહિતની ચીજવસ્તુના ભાવથી નાગરિકો ત્રાહિમામ ભાવ વધારાને કાબૂમાં લેવા તમામ પગલાની તૈયારી

નવી દિલ્હી,તા. ૧૫

નાણાપ્રધાન અરુણ જેટલીએ ખાદ્યાન્ન ચીજવસ્તુઓના આસમાને પહોંચેલા ભાવના મુદ્દે આજે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી જતા ચિંતિત બનેલી મોદી સરકારે આજે બેઠક યોજી હતી. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, નાણાપ્રધાન અરુણ જેટલી પણ હાજર રહ્યા હતા. જેટલીએ ભાવ વધારાને લઈને તમામ પાસાઓ ઉપર સંબંધિતો સાથે ચર્ચા વિચારણા કરી હતી. હોલસેલ ફુગાવો ૧૯ મહિનાની ઉંચી સપાટીએ પહોંચી ચુક્યો છે. બેઠકમાં કેન્દ્રીય શહેરી વિકાસપ્રધાન વેંકૈયા નાયડુ, પરિવહન પ્રધાન નીતિન ગડકરી, ખાદ્યાન્ન પ્રધાન રામવિલાસ પાસવાન, કૃષિ પ્રધાન રાધામોહનસિંહ અને વાણિજ્ય પ્રધાન નિર્મલા સીતારામન ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત બેઠકમાં મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમ પણ ઉપસ્થિત રહ્યા હતા. જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવને કઈ રીતે કાબૂમાં રાખવામાં આવે તે પાસા ઉપર ચર્ચા થઈ હતી. ઈન્ડસ્ટ્રી બોડી ફિક્કીએ ખાદ્યાન્ન પુરવઠાના વધુ યોગ્ય જતનના મુદ્દે પણ ચર્ચા

● અનુસંધાન પાન-૭ પર


**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

**Wanted Teachers**
at
**Little Angels' School**
682/2 Sec–8 Gandhinagar, Ph–079 23245153

**Needed:** an efficient and skilled (Graduate/ Post graduate Science teacher for classes IV To VIII . He / She should be well-versed with the nuances of the subject and should also know how to handle children with love and care. Candidates can submit their resumes at **Little Angels' School** between **9am to 1pm** for a **walk-in interview** from **14 June** onwards.

"શિવરંજની" વર્ષ ૨૦૧૬-૧૭ના પ્રારંભે
તા. ૨૮ અને ૨૯ જુન ૨૦૧૬ના રોજ બે દિવસનો
**"સ્વરોત્સવ–૨૦૧૬"**
શિવરંજની
(૧)ઋતુઓ પર આધારિત હિન્દી-ગુજરાતી ગીતો 'ઋતુસંહાર'
(૨)પદ્મશ્રી શ્રી ભીખુદાન ગઢવી - 'લોકસંગીત'ના ધમાકેદાર કાર્યક્રમો

| | |
|---|---|
| ગ્રૂપ વિશેષ સહકાર | રૂા. ૨૨૦૦/- પ્રતિ વ્યક્તિ (A, B અને C રોટેશનથી) |
| ગ્રૂપ-A | રૂા. ૧૨૦૦/- પ્રતિ વ્યક્તિ (D થી L રોટેશનથી) |
| ગ્રૂપ-B | રૂા. ૬૦૦/- પ્રતિ વ્યક્તિ (M થી વહેલા તે પહેલાના ધોરણે) |

સભ્યપદ માટે સંપર્ક
શ્રી જયરાજસિંહ સરવૈયા - ૯૮૨૫૨૫૩૯૩૩ (સે.૨/એ)
સુશ્રી ઉમાબેન ભટ્ટ - ૯૯૦૪૧૫૮૩૬૯ (સે.૨૨)
શ્રી પંકજ દેસાઈ - ૯૯૨૫૪૬૦૪૬૦ (સે.૩૦)
શ્રી ભાવિન પટેલ - ૯૮૭૯૦૫૭૫૫૬ (સે.૨૭)
શ્રી મહેન્દ્રભાઈ ભાવસાર - ૯૮૨૫૪૬૩૮૩૫ (સે.૫/બી)
શ્રી પિનાકીન વ્યાસ - ૯૮૭૯૭૪૧૯૯૪ (સે.૪/સી)
શ્રી દર્પણ બૂચ - ૯૮૨૫૨૬૭૦૬૧ (સે.૨૮)
અન્ય તમામ કારોબારી સભ્યો
વર્ષમાં ડાયરો, ગઝલ, ગુજરાતી સુગમ સંગીત, જુના ફિલ્મી ગીતો, ભક્તિ સંગીત જેવા કાર્યક્રમો
વિશેષ સહકાર ગ્રૂપમાં જૂજ જગ્યા બાકી
ગ્રૂપ A અને B માં સભ્યપદ નોંધણી ચાલુ છે
(વાગ્મિન બૂચ)
પ્રમુખ, શિવરંજની, ૯૯૦૯૯ ૦૦૬૫૦ (સે.૭/એ)


